# જાહેરનામું

પોલીસ કમિશનર, અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક :– ટ્રાફીક શાખા/૨૨૭/૦૮, તા. ૨૦/૫/૦૮.

આ કચેરીના હુકમ ક્રમાંક :– ગ/ઉપક/૬૫૭/૨૦૦૪, તા.૧૬–૧૧–૦૪ થી અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળના વિસ્તારમાં તમામ પ્રકારના ભારે અને મધ્યમ વાહનોએ કયા સમય દરમ્યાન શહેરના કયા રોડ ઉપર વાહન ચલાવવું તે નિયત કરેલ છે.

આ જાહેરનામામાં જેતલપુર ઓકટ્રોય નાકાથી નારોલ, વિશાલા સર્કલ થઈ ડાબા હાથે સરખેજ તેમજ જમણા હાથે એપીએમસી માર્કેટ સરખેજ ચાર રસ્તાથી ગાંધીનગર હાઈવે ઉપર તમામ પ્રકારના ભારે અને મધ્યમ વાહનો ૨૪ કલાક અવર જવર કરી શકે છે એવું જણાવેલ છે.

તાજેતરમાં વાહનોની સંખ્યામાં અતિ વધારો થયેલ છે. અમદાવાદ શહેરનો વિકાસ નારોલ સર્કલ, વિશાલા સર્કલ અને સરખેજ, ગાંધીનગર હાઈવે ઉપર ઘણો વધુ થયેલ છે. એ સંજોગોમાં જેતલપુર ઓકટ્રોય નાકા તરફથી અગર રાજકોટ તરફથી આવતા ભારે અને મધ્યમ પ્રકારનો વાહન વ્યવહાર જે ગાંધીનગર અગર મહેસાણા થઈ બહાર જવા માંગે છે એજ રીતે ગાંધીનગર – મહેસાણા વગેરે તરફથી આવીને વાયા અમદાવાદ થઈ બહાર જવા માંગે છે તે ભારે અને મધ્યમ પ્રકારનો વાહન વ્યવહાર અમદાવાદ શહેરના વિસ્તારમાં આવતા સરખેજ ગાંધીનગર હાઈવે, વિશાલા સર્કલ, નારોલ સર્કલ એ રીતે જવાના બદલે વૈષ્ણોદેવી સર્કલ (નિરમા યુનિવર્સિટી) પાસેથી સરદાર પટેલ રીંગ રોડ થઈ બોપલ, સનાથલ ચોકડી ત્યાંથી જેતલપુર ચોકડી જઈ શકે. એજ રીતે વૈષ્ણોદેવી સર્કલથી સરદાર પટેલ રીંગરોડ ઉપરથી ઝુંડાલ ચોકડી, ભાટગામ ચોકડી થઈ ભાટગામ નજીકના બ્રિજ ઉપરથી સાબરમતી નદી ક્રોસ કરીને આગળ હિંમતનગર, વડોદરા વગેરે જગ્યાઓએ જવાનું હોય ત્યાં ૨૪ કલાક દરમ્યાન જઈ શકશે. આ રીતે બારોબાર આવતા મધ્યમ અને ભારે પ્રકારના વાહનોએ અમદાવાદ શહેરના ઉપર જણાવેલ અંદરના માર્ગોનો ઉપયોગ સવારના ૮.૦૦ થી રાતના ૨૨.૦૦ સુધી કરવા ઉપર પ્રતિબંધ મુકવામાં આવે છે. સાથ ઉપર જણાવ્યું એમ સરદાર પટેલ રીંગરોડનો ઉપયોગ કરે તો અમદાવાદ શહેરમાં ટ્રાફીક જામ, અકસ્માતની સંખ્યામાં ઘટાડો થાય અને સરવાળે ટ્રાફીક સરળતાથી ચાલશે એવું જણાઈ આવે છે જેથી આ બાબતમાં હું એસ.કે.સાઈકીયા, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, અમદાવાદ મને મળેલ સત્તા જે મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨ મા) કલમ–૩૩–બી મુજબ ટ્રાફીક સરળતાથી ચાલે તે માટે નીચે મુજબનો હુકમ કરૂ છું.

હુ કમ :–

વડોદરા – રાજકોટ તથા અન્ય બહારના સ્થળોએથી અમદાવાદ શહેરમાં જેતલપુર ઓકટ્રોય નાકું અને સનાથલ ચોકડીથી પ્રવેશ કરતો ભારે અને મધ્યમ પ્રકારનો ટ્રાફીક જે નારોલ સર્કલ, વિશાલા સર્કલ અને ત્યાંથી ગાંધીનગર સરખેજ હાઈવે થઈને ગાંધીનગર, કલોલ વગેરે સ્થળોએ જતો એજ રીતે કલોલ મહેસાણા, ગાંધીનગર તરફથી આવતો અને ગોતા, હાઈકોર્ટ, સાણંદ ચોકડી થઈને

(૨)

વિશાલા સર્કલ,નારોલ સર્કલ અને જસનાથલ ચોકડીથી રાજકોટ, વડોદરા વગેરે સ્થળો તરફ જતો મધ્યમ અને ભારે પ્રકારનો વાહન વ્યવહાર સવારના ૮.૦૦ થી રાતના ૨૨.૦૦ કલાક સુધી, ઉપરોકત જણાવેલ માર્ગ ઉપર અવર જવર કરી શકશે નહી. ઉપરોકત સમય દરમ્યાન આ ટ્રાફીક જેતલપુર ઓકટ્રોય નાકા તરફથી અગર રાજકોટ તરફથી આવતા ભારે અને મધ્યમ પ્રકારનો વાહન વ્યવહાર જે ગાંધીનગર અગર મહેસાણા થઈ બહાર જવા માંગે છે એજ રીતે ગાંધીનગર – મહેસાણા વગેરે તરફથી આવીને વાયા અમદાવાદ થઈ બહાર જવા માંગે છે તે ભારે અને મધ્યમ પ્રકારનો વાહન વ્યવહાર અમદાવાદ શહેરના વિસ્તારમાં આવતા સરખેજ ગાંધીનગર હાઈવે, વિશાલા સર્કલ, નારોલ સર્કલ એ રીતે જવાના બદલે વૈષ્ણોદેવી સર્કલ (નિરમા યુનિવર્સિટી) પાસેથી સરદાર પટેલ રીંગ રોડ થઈ બોપલ, સનાથલ ચોકડી ત્યાંથી જેતલપુર ચોકડી જઈ શકશે એજ રીતે વૈષ્ણોદેવી સર્કલથી સરદાર પટેલ રીંગરોડ ઉપરથી ઝુંડાલ ચોકડી, ભાટગામ ચોકડી થઈ ભાટગામ નજીકના બ્રિજ ઉપરથી સાબરમતી નદી ક્રોસ કરીને આગળ સિંમતનગર, વડોદરા વગેરે જગ્યાઓએ જવાનું હોય ત્યાં ૨૪ કલાક દરમ્યાન જઈ શકશે.

આ હુકમ એસ.ટી.કોર્પોરેશન, એ.એમ.ટી.એસ., ફાયરબ્રિગેડ, એમ્બ્યુલન્સ સેવાઓ તથા સરકારી વાહનોને જાહેર સેવાની કામગીરી દરમ્યાન લાગુ પડશે નહિ.

આ કચેરી તરફથી આજથી દિવસ–૩૦ સુધી સુચિત જાહેરનામાના સમર્થનમાં / [ .રોધમાં તથા સુધારા /વધારા માટે સુચનો મંગાવવામાં આવે છે. આપેલ સમય–મર્યાદાની અંદર . .ગરીકો તરફથી મળેલ વાંધાઓ અંગે વિચારણા કરી આખરી જાહેરનામું બહાર પાડવામાં આવશે.

તા. ૨૦ /૪/૦૮
અમદાવાદ

(એસ.કે.સાઈકીયા)
પોલીસ કમિશનર,
અમદાવાદ શહેર.

નકલ સવિનય રવાના :–

(૧) અગ્ર સચિવશ્રી, ગૃહ વિભાગ, ગુજરાત સરકાર,ગાંધીનગર.
(૨) અગ્ર સચિવશ્રી, ટ્રાન્સપોર્ટ, ગૃહ વિભાગ, સચિવલાય, ગાંધીનગર.
(૩) પોલીસ મહાનિદેશક અને મુ.પો.અધિ.શ્રી, ગુ.રા.ગાંધીનગર.
(૪) મ્યુનિસિપલ કમિશનરશ્રી, અમદાવાદ શહેર.
(૫) કલેકટરશ્રી, અમદાવાદ.
(૬) નિયામકશ્રી, માહીતી ખાતુ, ગુ.રા. ગાંધીનગર.
(૭) રજીસ્ટ્રારશ્રી, હાઈકોર્ટ, ગુ.રા. અમદાવાદ.
(૮) રજીસ્ટ્રારશ્રી, સીવીલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ.
(૯) રજીસ્ટ્રારશ્રી, સેશન્સ કોર્ટ, મીરઝાપુર, અમદાવાદ.
(૧૦) ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ શહેર.
(૧૧) કમિશનરશ્રી, ટ્રાન્સપોર્ટ, ગુ.રા. ગાંધીનગર.
(૧૨) સંયુકત પો.કમિ.શ્રી, ક્રાઈમ બ્રાન્ચ /સેકટર–૧ / ૨, મુખ્ય મથક,સ્પેશ્યલ બ્રાન્ચ, અમદાવાદ શહેર.

(૩)

ટ્રાફીક શાખા અમદાવાદ શહેર